પં. રવિશંકરના હૃદયમાં સંગીત માટે ઉચ્ચ ભાવના હતી. તેઓ લખે છે કે : "સંગીતના સ્વરોમાં જ ઘણુંખરું એમને પ્રભુનું દર્શન થાય છે. સંગીતથી મનુષ્ય આધ્યાત્મિક ઉન્નતિ અને શાશ્વત શાંતિ પામી શકે છે." આ મહાન કલાકારનું મૃત્યુ તા. 11-12-2012ના રોજ અમેરિકામાં થયું હતું.

## સ્વાધ્યાય

**1. એક વાક્યમાં જવાબ આપો :**

(1) સ્વામી હરિદાસનો જન્મ વૃંદાવન પાસે કયા ગામમાં થયો હતો ?

(2) સ્વામી હરિદાસની કવિતામાં શેનું દર્શન થાય છે ?

(3) ભક્ત નાભાજી સ્વામી હરિદાસને કયા નામથી સંબોધતા હતા ?

(4) 'રામતનુ' કયા નામથી ઇતિહાસમાં પ્રસિદ્ધિ પામ્યા ?

(5) તાનસેનના સંગીત ગુરુનું નામ શું હતું ?

(6) વિશ્વમાં તાનસેનનું નામ કયા રાગ સાથે જોડાયેલ છે ?

(7) 'બૈજનાથ' ગુજરાતના કયા ગામના વતની હતા ?

**2. સાચા જવાબ સામે ✔ ટીક કરો :**

(1) 'બૈજુ'ના ગુરુનું નામ શું હતું ?

(A) સ્વામી હરિદાસ (B) તાનસેન (C) ભાતખંડે (D) પં. નારદ

(2) 'બૈજુ બાવરા'એ કયા રાગોની રચના કરી હતી ?

(A) મુલતાની (B) ગુર્જરીતોડી (C) ભૂપાલી (D) ભૈરવી

(3) પં. રવિશંકરને ભારત સરકારનો કયો સર્વોચ્ચ ઇલકાબ પ્રાપ્ત થયો હતો ?

(A) પદ્મશ્રી (B) પદ્મભૂષણ (C) ભારતરત્ન (D) પદ્મવિભૂષણ

(4) સિતારવાદનને વિશ્વ પ્રસિદ્ધ કરનાર કલાકારનું નામ જણાવો.

(A) પં. જશરાજ (B) પં. વિ.જી. જોગ (C) પં. ભીમસેન જોશી (D) પં. રવિશંકર

**3. જીવનચરિત્ર લખો. (કોઈ પણ બે)**

(1) સ્વામી હરિદાસ (2) બૈજુ બાવરા (3) સંગીત સમ્રાટ તાનસેન (4) પં. રવિશંકર

•

| 7 | નિબંધ |
|---|---|

**પ્રસ્તાવના**

સંગીત એ નૈસર્ગિક કલા છે. માનજીવનમાં સંગીત અનેક રીતે ઉપયોગી કલા સાબિત થઈ છે. સંગીતમાં ગાયન-વાદનનો સુભગ સમન્વય સધાય છે. આથી સંગીતમાં તાલનું મહત્ત્વ હોય એ સ્વાભાવિક છે. સંગીતના વિવિધ રાગને સૌંદર્ય વધારતા પ્રાણતત્ત્વરૂપ તાલનું સંગીતમાં વિશેષ મહત્ત્વ છે. વળી, આ તાલ માટે વિવિધ વાદ્યોની સંગત જરૂરી છે. સંગીતમાં વાદ્યનો થતો વિનિયોગ અને તાલના મહત્ત્વની અહીં સમજ આપવામાં આવી છે. રાષ્ટ્રીય અને સામાજિક ક્ષેત્રે એકત્વ સાધવામાં સંગીતની ભૂમિકા વિશે માહિતી આપવામાં આવી છે. સંગીત સાથે વિજ્ઞાન અવિનાભાવે જોડાયેલું છે. સંગીત અને વિજ્ઞાનના આંતરસંબંધનો પણ આ એકમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

---

## (1) સંગીતમાં તાલનું મહત્ત્વ

દુનિયાનાં બધાં કાર્યો મહદંશે તાલમાં થતાં હોય છે. રસ્તે ચાલતા આપણા હાથ–પગ તાલમાં ચાલે છે. પક્ષીઓનો નિત્ય ઊડવું–કલરવ વગેરે તાલબદ્ધ હોય છે. સૂર્ય અને ચંદ્ર પણ તેની તાલબદ્ધ ગતિમાં ચાલે છે. ઉપર્યુક્ત બાબતો તરફ ધ્યાન આપીએ તો સહેલાઈથી તાલની મહત્તા સમજી શકાય.

સંગીતના મહાસાગરને ભાવપૂર્ણ માણવા તાલની આવશ્યકતા ખૂબ જરૂરી છે. સંગીત એ તાલનો પ્રાણ છે. કોઈ પણ બે વસ્તુ એકબીજા પર પડવાથી કે અથડાવાથી જે આઘાત થાય છે એ તાલ છે. ગાયન, વાદન અને નૃત્યની ક્રિયામાં તાલનું કાર્યક્ષેત્ર વિશાળ છે. તાલ વગરનું સંગીત નિષ્પ્રાણ છે એટલે કે તાલ વગરનું સંગીત અધૂરું છે.

પંડિત અમરસિંહના ‘અમરકોષ’માં તાલની વ્યાખ્યા આપેલ છે. ‘ताल : काल क्रिया मानम्’ એટલે સમય–ગતિ (કાળ–ક્રિયા)ને માપે છે તે તાલ.

માત્રાનું એકસરખું પ્રમાણ સચવાયેલું હોય તેને શાસ્ત્રની વિશેષ વ્યાખ્યામાં ‘તાલ’ કહે છે અને તેના સરખા પ્રમાણને ‘લય’ કહે છે. આ લયને તાલનો પ્રાણ કહે છે. ગાયકનો કંઠ મધુર હોય, વાદકનો હાથ અજોડ હોય, સંગીતની બધી જ બારીકી ક્યાં લેવી તે કલાકાર જાણતો હોય, પણ તેના પ્રયોગમાં તાલ ન હોય તો એની કિંમત કોડીની કહેવાય.

તાલમાં દ્રુત લય, મધ્ય લય અને વિલંબિત લયને વૈદિક ભાષામાં ‘વૃત્તિક’ કહેવામાં આવે છે. ‘ઋગ્વેદ પ્રતિશાખ્ય’માં તેનો ઉલ્લેખ કરેલ છે. દ્રુત લય એટલે ત્વરિત, જેની ગતિ–ઉતાવળી હોય છે તેને દ્રુત લય કહે છે.

જેની ગતિ ત્વરિત પણ નહીં અને ધીમી ગતિ પણ નહીં એવી વચલી ગતિને મધ્ય લય કહે છે.

વિલંબિત લય એટલે જેમાં એકદમ ધીમી ગતિને વિલંબિત લય કહે છે.

દા.ત. 16 આંકડાને 16 સેકન્ડમાં ગણવાને મધ્ય લય કહે છે.

16 આંકડાને 8 સેકન્ડમાં ગણવા તે દ્રુત લય કહેવાય.

16 આંકડાને 32 સેકન્ડમાં ગણવાને વિલંબિત લય કહેવાય.

આ ઉપરથી સમજી શકાય કે મધ્યલયથી બમણી ગતિને એટલે કે ઝડપ (સમય) એ દ્રુતલય.

મધ્યલયથી બમણી ધીમી ગતિ એ વિલંબિત લય. કાળ (સમય) માપવા માટે આપણા શાસ્ત્રકારોએ એક માપ નક્કી કર્યું છે, તેને માત્રા કહેવામાં આવે છે. એક સેકન્ડમાં એક માત્રા ગણીએ તે પ્રમાણે એક માત્રામાં અડધી માત્રા, 1/4 માત્રા, 1/8 માત્રા ઇત્યાદિ ભાગોના દ્રુત, અણુદ્રુત અને અણુઅણુદ્રુત નામે ઓળખાય છે. તેમ જ બે માત્રાને ગુરુ, ત્રણ માત્રાને પ્લુત અને ચાર માત્રાને ચતુશ્ર કહેવાય છે. આ માત્રાઓને સ્વર સાથે કેવી રીતે સંબંધ છે તે જાણવું જરૂરી છે.

આપણે સ્વર ગાઈએ છીએ તેને લંબાવવાની મર્યાદા હોય છે. મર્યાદા એટલે મિતિ, માપ કે સમય. કોઈ પણ મનુષ્ય અટક્યા વિના સ્વર લંબાવ્યા કરે એ બનવું અશક્ય છે. માટે સ્વરની લંબાઈ કે પહોળાઈ, સ્વર નાનો કે મોટો, સ્વર ઊંચો  કે નીચો થાય છે. આવા અનેક સ્વરોની રચનાથી રાગ બને છે. તેનું રહસ્ય સ્વરની લંબાઈ કે પહોળાઈમાં રહેલું છે. આ સ્વરોના રહસ્યને ફેરવવાથી એટલે કે અલ્પત્વને બહુત્વમાં ફેરવવાથી રાગમાં ફરક પડે છે. આ પ્રમાણે કેવળ તાલની માત્રાની રચના બદલવાથી સ્વર બદલાય, સ્વર બદલાતા રાગ બદલાય અને રાગ બદલાતા રસ પણ બદલાય.

અનુભવે કોઈ એક ગીત એક જ રાગમાં જુદા જુદા તાલમાં જોઈશું તો જુદા જુદા રસની અનુભૂતિ થશે.

વીર અને અદ્‌ભુત, શૃંગાર અને કરુણ, બીભત્સ અને ભયાનક, ભક્તિ વગેરેના ચમત્કારો ઘણાખરા આપણને તાલ અને સૂરના સંયોગથી અનુભવવા મળે છે. કેવળ સૂરમાં મનુષ્ય ગાઈ પણ નથી શકતો, તેને તાલનું પ્રત્યક્ષ જ્ઞાન નહીં હોય તોપણ તે અજાણ્યે તાલમાં જ ગાય છે. મૂળવાત એ છે કે સ્વરની સ્થિતિ જ્યાં સુધી તાલમાં કાયમ નહીં થાય ત્યાં સુધી કોઈ રસનો નિશ્ચય થતો  નથી.

દા.ત. દાદરા તાલમાં શાંતરસ જોવા મળે છે તો કહરવા તાલમાં નાના બાળક પણ તાલી વગાડીને નાચવા લાગે છે, વૃદ્ધજનોના પગમાં જોર આવી જાય છે. આમ, તાલના ઉપયોગથી આનંદ પ્રાપ્ત થાય છે. શાસ્ત્રીયસંગીત, ઉપશાસ્ત્રીયસંગીત, સુગમસંગીત કે લોકસંગીત ગાવામાં શૃંગારિકતા પ્રાપ્ત થાય છે. રૂપક તાલનો અદ્‌ભુત પ્રભાવ છે. એમાં વિરહવેદનામાં નાયિકાની અનિશ્ચિત ગતિનો પડઘો હોય છે. આમ, તાલનો ઉપયોગ કોઈ પણ સંગીતમાં રસઉત્પત્તિ કરવામાં સહાય કરે છે.

તાલ એ સંગીતનું શ્રેષ્ઠ અંગ છે. ગાયક વાદકને અનુકૂળ રહી સાથ-સંગતનો સ્પષ્ટ ઠેકો આપવો અને રંગમંચમાં વિશેષ રંગ જમાવટ કરવી એ મુખ્ય છે. શાસ્ત્રીયસંગીત, સુગમસંગીત કે લોકસંગીત – આ બધાંય પ્રકારોમાં તાલ એટલી અગત્યની વસ્તુ છે કે એને કારણે શરૂઆતથી જ શ્રોતાઓના મન પ્રફુલ્લિત બને છે અને એ જ વસ્તુ સંગીતમાં તાલનું મહત્ત્વ બતાવે છે.

સંગીત એ અનુભૂતિ અને ચિત્ત પ્રસન્ન કરવાનો વિષય છે.

### (2) રાષ્ટ્રીય એકતામાં સંગીતનો ફાળો

'Music is a language of universal' અર્થાત્ સંગીત એ તો વિશ્વની ભાષા છે. સંગીતનો શાબ્દિક અર્થ જોઈએ તો 'સંગ + ગીત'. 'સંગ' એટલે 'સાથ' અથવા 'સાથે રહેવું' અને ગીત દ્વારા હૃદયની ઊર્મિઓ, હૃદયના ભાવોને સાથે મળીને અભિવ્યક્ત કરવું તે 'સંગીત' કહેવાય.

સંગીતમાં દેશભક્તિના માધ્યમ દ્વારા રાષ્ટ્ર પરત્વેના ઉદાસીન ભાવથી ઘેરાયેલ વ્યક્તિના રક્તમાં દેશદાઝ સંચાર કરી શકાય છે. પછી તે ગીત શહીદનું હોય કે ઝવેરચંદ મેઘાણીના 'જનનીના હૈયામાં પોઢંતા–પોઢંતા', 'કોઈનો લાડકવાયો' તેમજ હિન્દી કવિઓ દ્વારા લખાયેલ 'હિન્દ દેશકે નિવાસી સભી જન એક હૈ', રાષ્ટ્રની નવચેતનાનું ગાન 'વંદે માતરમ્' હોય આવા અનેક ગીતો રાષ્ટ્રીય એકતાના મંત્રનો જાપ કરાવતા હોય તેવું ફલિત થયું છે. ગીત શૌર્યનું હોય તો સાદી અને સરળ ભાષામાં કહીએ તો 'મડદાં બેઠા થાય.' ગીતના ગાનમાં જો સંગીત અને તાલ પણ ભળે તો એની અસર ઓછામાં ઓછી બે ગણી કે ત્રણ ગણી જણાય ત્યારે એ ગીતની સાર્થકતાની અનુભૂતિ થાય છે.

મહાત્મા ગાંધીએ કહ્યું છે કે, 'સચ્ચા સંગીત લોગોં કો ઊંચે લે જાતા હૈ ઔર ઉસમેં કોમી ભેદભાવ, 'ઔર રાગ–દ્વેષ કી જગહ નહીં હોતી.' આમ, સંગીત અનેક ધર્મ, જાતિ, પ્રાંત વચ્ચેના સીમાડાઓને દૂર કરી સુમધુર સંગીતના આદાન–પ્રદાન દ્વારા લોકમાનસમાં જુસ્સો, ઉત્સાહ અને રાષ્ટ્રપ્રેમ જગાડે છે.

ભારતીય સંગીતના અનેક દિગ્ગજ તેમ જ નામી–અનામી કલાકારોએ સંગીત દ્વારા રાષ્ટ્રીય એકતામાં પોતાનો સૂર પુરાવ્યો છે. સ્વામી હરિદાસ, સંગીતસમ્રાટ તાનસેન, બૈજુબાવરા, તાના-રીરી બહેનો, પં. વિષ્ણુ દિગંબર પલુસ્કરજી, પં. વિષ્ણુ નારાયણ ભાતખંડેજી, પં. ઓમકારનાથજી, બડે ગુલામઅલી ખાં, અમીર ખાં, કિશોરી આમોલકર વગેરેએ સંગીતના પ્રચાર દ્વારા ધર્મ અને જાતિ વચ્ચેના અનેક મતભેદોને દૂર કરી રાષ્ટ્રીય એકતાને પુરવાર કર્યાના અનેક દૃષ્ટાંતો ઇતિહાસમાં સ્થાન પામ્યા છે.

જેવી રીતે પંડિતો સૂફી ગીતો ગાય છે, મુસલમાન ભજન ગાય છે, પંજાબીઓ હિંદી ગીત ગાય છે, હિંદી ભાષીઓ પણ ગુજરાતી ગીતો ગાય છે. સૌરાષ્ટ્રના દોહા–છંદ શું સૌરાષ્ટ્રવાસી જ ગાય છે ? ના, એવું નથી. હવે તો જાહેર તથા ટેલિવિઝનના કાર્યક્રમોમાં આપણે જોઈ શકીએ છીએ કે દરેક વ્યક્તિ કોઈ પણ ગીત ગાઈ શકે છે. એ જ દર્શાવે છે કે સંગીતને કોઈ ધર્મ, જાતિ કે ભાષાના બંધન હોતા નથી.

રાષ્ટ્રીય એકતામાં ફિલ્મી સંગીતનો ફાળો ખૂબ જ નોંધપાત્ર છે. કોઈ પણ પ્રાદેશિક ગીત, ફિલ્મી ગીત જોતજોતામાં સમગ્ર દેશમાં પ્રચલિત થઈ સૌના કંઠે ગવાય છે. રાષ્ટ્રીય ગીતોમાં શબ્દો સંગીતરસિક શ્રોતાઓના મસ્તિષ્ક ડોલાવે છે. ફિલ્મમાં ગવાતું ગીત 'ઢોલી તારો ઢોલ' દરેક મનુષ્યને ઝૂમતા કરી દે છે. આને એકતા કહેવાય. ભલે ગુસ્સો, બદલાની ભાવના, વિશ્વાસઘાત, વેરઝેર જેવી વિકૃતિઓ રાષ્ટ્રને તોડે છે પણ પ્રેમ, સહકાર અને સંગીતની તાકાત સૌને જોડે છે. તેથી જ ગવાયું છે કે 'મિલે સૂર મેરા તુમ્હારા તો સૂર બને હમારા...'

### (3) સંગીતના વિકાસમાં વિજ્ઞાનનો સહયોગ

સંગીતની ઉત્પત્તિ અંગે અનેક કથાઓ આપણી સન્મુખ આવે છે. કોઈ કહે છે સંગીતનો આરંભ બ્રહ્મા દ્વારા થયો. ફારસી વિદ્વાનોના મતે હઝરત મુસાએ પોતાનો ડંડો પથ્થર ઉપર માર્યો તો તેના સાત ટુકડા થયા, જેનાથી સાત સ્વરોની ઉત્પત્તિ થઈ. સંગીતની ઉત્પત્તિ બાબતે ભલે અનેક દંતકથાઓ હોય, પરંતુ સંગીતની શરૂઆત કલાવિજ્ઞાન ઉપર આધારિત છે.

વિજ્ઞાનનો અર્થ માત્ર ભૌતિક નહીં, પરંતુ 'શાસ્ત્રીય દૃષ્ટિકોણથી વિજ્ઞાન' એવો કરી શકાય. સંગીત એક અમૂર્ત અને અદૃશ્ય કળા છે, તેનું મૂળભૂત તત્ત્વ સ્વર અને લય બંને છે. આ બે તત્ત્વોના મિલનથી જ સંગીતની ઉત્પત્તિ થઈ. આ બે મૂળભૂત તત્ત્વોને જ આપણે વિજ્ઞાન કહી શકીએ છીએ.

સંગીતમાં સાત સ્વર છે. તે એકબીજાથી કેટલા અંતરે આવેલા છે, તે આપણે ભૌતિક વિજ્ઞાનના આધારે જાણી શકીએ છીએ. એક વાર 'સા' સ્વર નક્કી કરવામાં આવે, તો તેની આંદોલન સંખ્યાના આધારે 'રે, ગ, મ, પ, ધ, ની' સ્વરોને સ્થાપિત કરી શકાય છે. એટલે કે સાત શુદ્ધ અને પાંચ વિકૃત સ્વરોને વિજ્ઞાનના આધારે જ સ્થાપિત કરી શકાય છે.

સંગીતના પ્રસારની વાત કરીએ તો વિજ્ઞાનનો તેમાં સહયોગ અદમ્ય છે. આકાશવાણીની શરૂઆત થઈ ત્યારથી સંગીતનો વ્યાપ વધુ વિસ્તૃત થયો છે. ટેપ રેકોર્ડર, કૅસેટ, CD, DVD, MP3, વીડિયો સીડી, કમ્પ્યુટર વગેરે દૃશ્ય–શ્રાવ્ય સાધનોથી આપણે ગમે તે સમયે કોઈ પણ ગાયક દ્વારા ગવાયેલા રાગોને સાંભળી શકીએ છીએ. રેકોર્ડિંગની મહત્ત્વની શોધના કારણે જુદી–જુદી શૈલીના કલાકારોનું રેકોર્ડિંગ કરી, આપણી પ્રાચીન કળાને લુપ્ત થતી બચાવી શકાય છે. કમ્પ્યુટરની શોધે તો જાણે સંગીતના રૂપરંગ બદલી નાખ્યા છે. કમ્પ્યુટરની મદદથી જુદી–જુદી રિધમ (તાલ + લય) રચી શકાય છે. નવા નવા અવાજો રચી શકાય છે અને એ સિવાય પણ સંગીતમાં જે ધારીએ તે પ્રકારના પરિવર્તનો કરી શકાય છે.

વિજ્ઞાનના સિદ્ધાંતો ઉપર જે સભાગૃહ બને છે, તેમાં અવાજના કંપનોનું શોષણ થઈ શકે છે અને અવાજ શ્રોતા સમક્ષ વ્યવસ્થિત રીતે પહોંચી શકે છે. પહેલાંના સમયમાં સંગીતસભાઓમાં ગાયકે ખૂબ ઊંચા અવાજે ગાવું પડતું અને અવાજની રેન્જ જ્યાં સુધી હોય ત્યાં સુધીના શ્રોતાઓ જ તેનો આનંદ લઈ શકતા, પરંતુ આધુનિક વૈજ્ઞાનિક ઢબે બનેલા સભાગૃહમાં શ્રોતાઓ આરામપૂર્વક સંગીતની મહેફિલ માણી શકે છે.

વિજ્ઞાનના માધ્યમ દ્વારા ઘણા નવા ઇલેક્ટ્રોનિક વાદ્યો અસ્તિત્વમાં આવ્યા છે, જેમાં ઇલેક્ટ્રોનિક ગિટાર, કી–બૉર્ડ, ઓક્ટોપેડ, ઇલેક્ટ્રોનિક તાનપુરા, ઇલેક્ટ્રોનિક તબલા, ઇલેક્ટ્રોનિક લહેરાપેટી વગેરે નોંધપાત્ર છે. વિજ્ઞાનના સહયોગથી બનેલા આ વિવિધ ઉપકરણોથી સંગીતની પ્રસ્તુતિનું સ્તર ખૂબ જ ઊંચું ગયું છે.

જેવી રીતે વાદ્યોના નિર્માણમાં ભૌતિક વિજ્ઞાન કામ આવે છે તે રીતે ગાયકના કંઠની તૈયારી કરવા માટે શરીરવિજ્ઞાન કાર્ય કરે છે. આ વિજ્ઞાનમાં કંઠમાં ધ્વનિ ઉત્પન્ન કરવા માટે શરીરના જે હિસ્સાઓ જેવા કે કાન, નાક, ગળું, છાતી, શ્વાસપટલ વગેરે અવયવોનું અધ્યયન કરીને સમૃદ્ધ કરી શકાય છે કે, પછી ગુરુના માર્ગદર્શન પર 'વોકલ કૉર્ડ્સ' પણ બદલી શકાય છે અને ગાયકના ગળાને 'Voice Culture' (કંઠસાધના) દ્વારા સિદ્ધ કરી શકાય છે.

આમ, સંગીતનો વિકાસ અને વિજ્ઞાન આ બંને વાતો પરસ્પર પૂરક છે. આમ જોઈએ તો સંગીત વિજ્ઞાન ઉપર આધારિત છે, એટલે જ તો પાયથાગોરસ જેવા 'ગણિતરૂપ વિજ્ઞાન સપ્તક'નું નિર્માણ કરે છે જે આંદોલન સંખ્યા સાથે સંબંધિત છે.

ધ્વનિનો પ્રભાવ પ્રાણીઓ અને વનસ્પતિ પર પણ પડે છે. સંગીતમાં થયેલા સંશોધનોએ પુરવાર કર્યું છે કે શાસ્ત્રીય રાગો અનેક શારીરિક અને માનસિક રોગોને દૂર કરવા ઔષધી જેવું કાર્ય કરે છે.

**રાગ ચિકિત્સાના પુસ્તકો :**

- મ્યુઝિક માઇન્ડ ઍન્ડ મેન્ટલ હેલ્થ
- સેલ્ફ ટ્રાન્ફોર્મેશન થ્રુ મ્યુઝિક
- મેડિસિનલ મ્યુઝિક
- રાગ થેરાપી
- ધ પાવર ઑફ સાઉન્ડ મ્યુઝિક
- ફિઝિશિયન ફૉર ટાઈમ્સ ટુ કમ
- ધ હિલિંગ ઍનર્જીસ ઑફ મ્યુઝિક

વિજ્ઞાનના ક્ષેત્રે સંશોધકો કહે છે કે સિન્થેટિક ઍનાલ્જેટિક્સ જે અનેક સાઈડ ઈફેક્ટ પેદા કરી નુકશાન જ કરે છે, તેની રાગ દ્વારા મટાડવાની ચિકિત્સા કરવી વધુ હિતાવહ છે. રાગના શ્રવણથી દર્દીના મગજના તરંગોમાં આલ્ફા વેવ લેવલ આવે છે. આ તરંગોની અસર ઇલેક્ટ્રોએન્સોફેલા ગ્રામથી જોઈ શકાય છે. આ રાગો જરૂરી હોર્મોનલ પરિવર્તન લાવે છે, જેનાથી સ્વસ્થતા હાંસલ કરી શકાય છે, રોગ મટાડી શકાય છે.

દક્ષિણ ભારતની અન્નામલાઈ યુનિવર્સિટીના વિજ્ઞાની ડૉ. ટી.સી. સિંઘે વનસ્પતિ પર સંગીતની અસર સાબિત કરતા અનેક પ્રયોગો કર્યા હતા. 'ધ ડિપાર્ટમેન્ટ ઑફ એગ્રિકલ્ચર ઑફ ધ ઇન્ડિયન સ્ટેટ ઑફ પોન્ડિચેરી' તરફથી કરેલ પ્રયોગોમાં ડૉ. સિંઘે શાસ્ત્રીય રાગો પર આધારિત ધ્વનિતરંગોનો ઉપયોગ કરી ચોખા, શેરડી, મગફળી, ચોખાના પાકમાં 28 % માંથી 61 % જેટલો વધારો કરી બતાવ્યો હતો. આ પાકના વધુ ઉત્પાદન માટે રાગ ચારુકેશીનો ઉપયોગ વધારે થયો હતો.

વિખ્યાત વનસ્પતિશાસ્ત્રી ડૉ. જ્યોર્જ માઈલસ્ટિને સંગીતનો ઉપયોગ કરી જે છોડને પૂર્ણ વિકસિત થતા બે વર્ષ લાગે તેમને માત્ર છ માસમાં જ પૂર્ણ વિકસિત કરી ફૂલ, ફળ આપતા કરી દીધા હતા.

**(4) સાથસંગત માટે વાદ્યનો ઉપયોગ**

સાથસંગત એટલે ગાયન—વાદનની ક્રિયામાં અરસપરસ વાદ્યોને સાથ આપવો તે.

ગાયન કરતાં વાદને સંગીતરસિક પ્રજામાં વિશેષ સ્થાન પ્રાપ્ત કરેલ છે, જેથી આ સદીમાં તબલા, પખાવજ, વાયોલિન, સારંગી વગેરે સાથસંગતના વાદ્યોનો પણ સ્વતંત્ર વિકાસ થયો છે.

ચિત્રપટ સંગીતમાં વાદ્યોના સાથસંગતના કારણે ગીતોની લોકપ્રિયતા વધી છે. પરિણામે સંગીતરસિકોની સંખ્યામાં વધારો જોવા મળે છે. જે ગાયકોનો અવાજ મધુર અને સુરીલો હોય તેને સાથસંગતના વાદ્યોનો સાથ મળતાં તે કર્ણપ્રિય બને છે અને જનતા સંગીતને સાંભળવા તત્પર બને છે. આજે આધુનિક યુગમાં રેકોર્ડિંગ પદ્ધતિનો પણ મોટો સહયોગ મળતાં અવાજ અને વાદ્યના સ્વરતાલે સુમધુરતામાં વધારો કર્યો છે. આધુનિક યુગમાં સિન્થેસાઈઝર, ઓક્ટોપેડ, એકોર્ડિયન, કી—બૉર્ડ જેવા અનેક ઇલેક્ટ્રોનિક વાદ્યોનો ઉપયોગ ચિત્રપટ સંગીત, સુગમસંગીત, લોકસંગીત જેવા ગાયન પ્રકારોમાં સંગત તરીકે કરવામાં આવે છે.

- ભારતીય સંગીતમાં ચાર પ્રકારના વાદ્યોનો ઉપયોગ સાથસંગત માટે થાય છે, જે નીચે પ્રમાણે છે :

(1) **તત્—વિતત્ :** એટલે કે તારથી મઢેલ વાદ્યો. દા.ત. સિતાર, સરોદ, વાયોલિન, સારંગી, દિલરુબા જેવા વાદ્યોમાં મીંડ, સૂત, કર્ણસ્વર, ઝમઝમા, ઘસીટ જેવા પ્રકારોના ઉપયોગથી ગાયનની સંગતમાં સુંદરતા લાવી શકાય છે.

(2) **ઘન :** ઘન એટલે નક્કર. એકબીજા સાથે અથડાવવાથી જે સંગીત ઉપયોગી નાદ ઉત્પન્ન થાય તે. દા.ત. જલતરંગ, કાષ્ઠતરંગ, પાઈપતરંગ, ઝાંઝ, મંજીરા, કાંસી, પિયાનો, ખંજરી જેવા વાદ્યોનો ઉપયોગ સાઈડ રીધમ તરીકે સાથસંગત માટે થાય છે.

**(3) સુષિર :** એટલે કે હવા ભરવાથી કે ફૂંક મારવાથી સંગીતમય નાદ ઉત્પન્ન થાય તે. દા.ત. હાર્મોનિયમ, કલેરિયોનેટ, વાંસળી, શહનાઈ, પાવો વગેરે વાદ્યોના ઉપયોગથી સાથસંગત કરી શકાય છે.

**(4) અવનદ્ધ :** એટલે કે ચામડાથી મઢેલ વાદ્યો. દા.ત. પખાવજ, મૃદંગમ્, તબલા, ઢોલ, ઢોલક, ડફ, ડમરુ, નગારું, નાલ જેવા વાદ્યોના ઉપયોગથી સાથસંગત કરી શકાય છે.

- ઉપર્યુક્ત દરેક વાદ્યોનો ઉપયોગ કયા–કયા ગાયનપ્રકારોમાં સંગત માટે થાય છે તે નીચે પ્રમાણે છે :

  ગાયન પ્રકારો : જેવા કે–

  **(1) ધ્રુપદ–ધમાર ગાયકી :** તાનપુરો, હાર્મોનિયમ, વાયોલિન, પખાવજ વગેરે.

  **(2) શાસ્ત્રીય સંગીત :** સારંગી, વાયોલિન, તાનપુરો, તબલા વગેરે.

  **(3) ઉપશાસ્ત્રીય સંગીત (ઠુમરી, દાદરા ટપ્પા વગેરે) :** હાર્મોનિયમ, તાનપુરો, તબલા વગેરે.

  **(4) સુગમ સંગીત (ભાવગીત, સમૂહગીત) :** કિ–બૉર્ડ, વાયોલિન, વાંસળી, સારંગી, તબલા વગેરે.

  **(5) ફિલ્મી સંગીત :** સિન્થેસાઈઝર, વાયોલિન, વાંસળી, સરોદ, સંતૂર, તબલા, ઢોલક, ઓક્ટોપેડ વગેરે.

  **(6) વાદ્ય સંગીત :** સિતાર, સરોદ, વાયોલિન, સારંગી, વીણા, સંતૂર, મોહનવીણા, જલતરંગ વગેરે વાદ્યોમાં તબલા સાથસંગત માટે પ્રમુખ વાદ્ય છે.

  **(7) નૃત્ય સંગીત** (કથ્થક, ભરતનાટ્યમ વગેરે) : તબલા, મૃદંગમ્

  **(8) લોકનૃત્ય (ગરબા, લાવણી વગેરે) :** ઢોલ, ઢોલક, પાવો, કાંસીજોડા, ખંજરી

આમ, દરેક ગાયન, વાદન, નૃત્ય પ્રકારોમાં સાથસંગત માટે વાદ્યોનો ઉપયોગ જોવા મળે છે. આ વાદ્યોનો સાથસંગતમાં ઉપયોગ કરવાથી ગાયન, વાદન અને નૃત્યની સૌંદર્યતામાં વધારો કરી શ્રોતાઓના મનને આનંદ આપીને સચ્ચિદાનંદની અનુભૂતિ કરાવે છે. એટલે જ સાથસંગતમાં વાદ્યોની ઉપયોગિતા ખૂબ જ જરૂરી છે.

## સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો :**

(1) સંગીતનો સામાન્ય અર્થ શું છે ?

(2) સંગીત દ્વારા રાષ્ટ્રીય એકતામાં શો ફાળો આપી શકાય ?

(3) સંગીતના પ્રચાર માટેના વૈજ્ઞાનિક સાધનો જણાવો.

(4) ગાયકના ગળાને શાના દ્વારા સિદ્ધ કરી શકાય છે ?

**2. નીચે આપેલ 'અ'ને 'બ' સાથે યોગ્ય રીતે જોડો :**

| અ | બ |
|---|---|
| **કલાકાર** | **ગીત** |
| (1) ઝવેરચંદ મેઘાણી | (1) ઓમ્ જય જગદીશ હરે |
| (2) પં. વિષ્ણુ દિગંબર પલુસ્કર | (2) સુખકે સબ સાથી |
| (3) મહંમદ ઈકબાલ | (3) જનનીના હૈયામાં |
| (4) મહંમદ રફી | (4) સારે જહાં સે અચ્છા |

**3. નિબંધ લખો :**

(1) રાષ્ટ્રીય એકતામાં સંગીતનો ફાળો

(2) સંગીતમાં તાલનું મહત્ત્વ

**4. સાચા જવાબ સામે ✔ ટીક કરો :**

(1) પં. અમરસિંહે કયા પુસ્તકમાં તાલની વ્યાખ્યા આપી છે ?

(A) આનંદ મઠ (B) અમરકોષ (C) તાલ મંજૂરી (D) તાલ પ્રકાશ

(2) તાલને વૈદિક ભાષામાં શું કહે છે ?

(A) શ્રૃતિ (B) લગ્ગી (C) વૃત્તિક (D) પરન

(3) વિલંબિત લય એટલે કેવી ગતિ ?

(A) દ્રુત (B) મધ્યમ (C) ધીમી (D) અતિદ્રુત

•

# વિભાગ 2 (ક્રિયાત્મક)

## 1 સ્વરજ્ઞાન

**પ્રસ્તાવના**

અભ્યાસક્રમમાં આપેલા શુદ્ધ સ્વરોના અલંકાર દ્વારા વિદ્યાર્થીઓ સ્વરો ઉપર પ્રભુત્વ મેળવી શકે તેમ જ તાલબદ્ધ રીતે અલંકાર ગાઈ શકે, અભ્યાસક્રમમાં આપેલા અલંકારોને ત્રિતાલ, કહરવા, જપતાલ, આડાચૌતાલ વગેરે તાલનું શાસ્ત્રોક્ત જ્ઞાન મેળવી શકે, આપેલા અલંકારોની મદદથી વિકૃત સ્વરવાળા અલંકારો વિદ્યાર્થીઓ જાણે, તૈયાર કરી શકે અને તૈયાર કરેલા એ અલંકારોથી શુદ્ધ અને વિકૃત સ્વરોની ઓળખ સમજી શકે, તે માટેની ક્ષમતા કેળવાય તે આ એકમનો હેતુ છે.

---

**(અ) (1) તાલ–ત્રિતાલ, માત્રા – 16**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 1 |
| ધા | ધીં | ધીં | ધા | ધા | ધીં | ધીં | ધા | ધા | તીં | તીં | તા | તા | ધીં | ધીં | ધા | ધા |
| X | | | | 2 | | | | 0 | | | | 3 | | | | X |

**અલંકાર**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | ગ | રે | સા | રે | મ | ગ | રે | ગ | પ | મ | ગ | મ | ધ | પ | મ |
| પ | ની | ધ | પ | ધ | સાં | ની | ધ | ની | રેં | સાં | ની | સાં | ગં | રેં | સાં |
| સાં | ધ | ની | સાં | ની | પ | ધ | ની | ધ | મ | પ | ધ | પ | ગ | મ | પ |
| મ | રે | ગ | મ | ગ | સા | રે | ગ | રે | ની઼ | સા | રે | સા | ધ઼ | ની઼ | સા |
| X | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**(2) તાલ–કહરવા, માત્રા – 8**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
| ધા | ગે | ન | તી | ન | ક | ધીં | ન | ધા |
| X | | | | 0 | | | | X |

**અલંકાર**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સા | રે | સા | ગ | રે | ગ | રે | મ |
| ગ | મ | ગ | પ | મ | પ | મ | ધ |
| પ | ધ | પ | ની | ધ | ની | ધ | સાં |
| સાં | ની | સાં | ધ | ની | ધ | ની | પ |
| ધ | પ | ધ | મ | પ | મ | પ | ગ |
| મ | ગ | મ | રે | ગ | રે | ગ | સા |
| X | | | | 0 | | | |

### (3) તાલ – કહરવા, માત્રા – 8

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|
| ધા | ગે | ન | તી | ન | ક | ધીં | ન | ધા |
| X | | | | 0 | | | | X |

**અલંકાર**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સા | મ | ગ | રે | રે | પ | મ | ગ |
| ગ | ધ | પ | મ | મ | ની | ધ | પ |
| પ | સાં | ની | ધ | ધ | રેં | સાં | ની |
| ની | ગં | રેં | સાં | સાં | પ | ધ | ની |
| ની | મ | પ | ધ | ધ | ગ | મ | પ |
| પ | રે | ગ | મ | મ | સા | રે | ગ |
| ગ | ની̣ | સા | રે | રે | ધ̣ | ની̣ | સા |
| X | | | | 0 | | | |

### (4) તાલ – આડાચૌતાલ

માત્રા–14, તાલી–1, 3, 7, 11

ખંડ–7, ખાલી–5, 9, 13

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધીં | તિરકિટ | ધીં | ના | તું | ના | ક | ત્તા | તિરકિટ | ધીં | ના | ધીં | ધીં | ના | ધીં |
| X | | 2 | | 0 | | 3 | | 0 | | 4 | | 0 | | X |

**અલંકાર**

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | રે | રે | ગ | ગ | મ | મ | પ | પ | ધ | ધ | ની | ની | સાં |
| સાં | ની | ની | ધ | ધ | પ | પ | મ | મ | ગ | ગ | રે | રે | સા |
| X | | 2 | | 0 | | 3 | | 0 | | 4 | | 0 | |

### (5) તાલ–ઝપતાલ, માત્રા – 10

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધીં | ના | ધીં | ધીં | ના | તીં | ના | ધીં | ધીં | ના | ધીં |
| X | | 2 | | | 0 | | 3 | | | X |

**અલંકાર**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | રે | ગ | રે | ગ | રે | ગ | મ | ગ | મ |
| ગ | મ | પ | મ | પ | મ | પ | ધ | પ | ધ |
| પ | ધ | ની | ધ | ની | ધ | ની | સાં | ની | સાં |
| | | | | | | | | | |
| સાં | ની | ધ | ની | ધ | ની | ધ | પ | ધ | પ |
| ધ | પ | મ | પ | મ | પ | મ | ગ | મ | ગ |
| મ | ગ | રે | ગ | રે | ગ | રે | સા | રે | સા |
| X | | 2 | | | 0 | | 3 | | |

**(બ) શુદ્ધ અને વિકૃત સ્વરોની ઓળખ**

**સાત શુદ્ધ સ્વર :**

સા રે ગ મ પ ધ ની

- **ચાર કોમળ સ્વર (સ્વરની નીચે આડી લીટી) :**

  રે ગ ધ ની

- **એક તીવ્ર સ્વર (સ્વરની ઉપર ઊભી લીટી) :**

  મ̍

- **કુલ બાર સ્વર :**

  સા

  રે રે

  ગ ગ

  મ મ̍

  પ

  ધ ધ

  ની ની

- **બે અચલ સ્વરો :**

  ‘સા’ અને ‘પ’

## સ્વાધ્યાય

**1. જોડકાં જોડો : (તાલની સામે તેના અલંકાર લખો.)**

| અ | બ |
|---|---|
| (1) ઝપતાલ | (1) સારેગમ, રેગમપ |
| (2) ત્રિતાલ | (2) સારેગ સારેગમ, રેગમ રેગમપ |
| (3) દાદરા | (3) સાગ, રેમ, ગપ |
| (4) એકતાલ | (4) સારે સારેગ, રેગ રેગમ, |
| (5) રૂપક | (5) સારેગ, રેગમ |

**2. નીચે આપેલા અલંકારોને પૂર્ણ કરો :**

(1) સારે સારેગ....

(2) સાગ, રેમ...

(3) સા, સારેસા...

(4) સારેસા, રેગરે...

(5) સા... સારેગમ, રે... રેગમપ...

**3. નીચેની સૂચના વાંચી અલંકારને જે-તે તાલમાં લખો :**

(1) ચારેય કોમળ સ્વરનો ઉપયોગ કરી તાલ ત્રિતાલમાં અલંકાર બનાવો.

(2) થાટ–કાફીના સ્વરને લઈ તાલ દાદરામાં અલંકાર લખો.

(3) તીવ્ર મધ્યમનો ઉપયોગ કરી અલંકાર બનાવો.

•

<table><tr><td>2</td><td>રાગજ્ઞાન</td></tr></table>

**પ્રસ્તાવના**

રાગજ્ઞાનની અભિરુચિ કેળવવા વિદ્યાર્થીઓને જુદા જુદા રાગોથી માહિતગાર કરી, ગાયન અને વાદનના કૌશલ્યનો વિકાસ કરી શકાય છે. શાસ્ત્રીય ગાયનમાં ગાવામાં આવતા બડા ખ્યાલ, છોટા ખ્યાલ, તરાના, દ્રુપદ, ધમાર વગેરે ગીતપ્રબંધનો અભ્યાસ કરવો આવશ્યક છે. તેના દ્વારા રાગના સ્વરોની સ્થિરતા, કલ્પનાશક્તિનો વિકાસ, મૌલિક રાગાલાપ અને તાનોના કૌશલ્યમાં વૃદ્ધિ કરી શકાય છે.

આ ઉપરાંત વિવિધ મસીતખાની-રજાખાની ગતો, તોડા, તાન વિસ્તારના અભ્યાસ દ્વારા વાદનના વિદ્યાર્થીઓના જ્ઞાનમાં અભિવૃદ્ધિ થઈ શકે છે.

---

## (અ) રાગ જ્ઞાન :

### (1) રાગ – યમન

**શુદ્ધ સુરન કે સંગ જબ, મધ્યમ તીવર હોય,**
**ગ–ની વાદી સંવાદી તે, યમન કહત સબ કોય. ॥**

- **પ્રાથમિક માહિતી :**



**થાટ** : કલ્યાણ
**સ્વર** : મ॑ તીવ્ર, બાકી સ્વરો શુદ્ધ
**વર્જ્ય સ્વર** : નથી
**જાતિ** : સંપૂર્ણ–સંપૂર્ણ
**વાદી સ્વર** : ગ
**સંવાદી સ્વર** : ની
**ગાવાનો સમય** : રાત્રિનો પ્રથમ પ્રહર
**રાગ પ્રકૃતિ** : શાંત–ભક્તિ રસપ્રધાન

**રાગનો પ્રભાવ :**

જગતના જીવો માટે કલ્યાણની ભાવના.

હાઈ-બ્લડ પ્રેશર દૂર કરવામાં મદદરૂપ.

**આરોહ** : ન઼ી રે ગ મ॑ પ ધ નિ સાં
**અવરોહ** : સાં ની ધ પ મ॑ ગ રે સા
**પકડ** : ન઼ી રે ગ મ॑ પ રે, ગ રે, ન઼ી રે સા

- **સ્વર વિસ્તાર :**

(1) સા, ન઼ી, રેસા, ન઼ીધ઼ન઼ી, મ઼॑ધ઼નીસા, ન઼ીરેગ, ગરેસા, ન઼ીધ઼ન઼ીરેગ, ગરેમ॑ગ, રેગ, ન઼ીરેગમ॑, પરે, ગરે, ન઼ીરેસા.

(2) ધ઼ન઼ીરેસા, ન઼ીગરેગરેગ, ગરેમ॑ગ, પમ॑ગરેગ, ગરેસાન઼ી, મ॑ગરે ન઼ીરે, સા.

(3) ન઼ીરેગમ॑પ, પ, પમ॑ગરેગ, ગ–મ॑પ, પમ॑ધપ, ધમ॑પ, મ॑ગમ॑ધપ, પરે, ન઼ીરે ગમ॑ગરેસા.

(4) ગમંપ, ગરેગમંધનીધપ, નીધપમંગરેગ, ની̣રેગમંધની, નીધની, મંધની, નીધની, નીનીધપ, મંગમંરેગ, ગમંપ, રે, ગરેની̣રે સા.

(5) મંધનીસાં, ધનીરેંસાં, સાંનીધની, મંધ, મંની, ધની, ધપ, પમંધમં, મંગ, રેગ, રેમંગ ની̣રેગમંધનીસાં, સાંનીધપ, નીધપમં, મંગરે, ગરેની̣રે, ગરેસા.

(6) ની̣રેગમંધની, મંધનીરેંસાં, નીરેંગં, નીરેંસાં, સાંનીધપ, મંધનીરેંગં, રેંગંમંગં, મંરેંગં, નીરેંસાં, સાંનીધપમં, ગરે, ગ ની̣રેગમંપરેગરે, ની̣રેસા.

- **રાગ—યમન** **બડા ખ્યાલ** **તાલ – વિલંબિત એકતાલ**

**સ્થાયી :** મેરા મન બાંધ લીનો રે,
હાં રે ઈન જોગીયા કે સાથ. ।

**અંતરા :** સદારંગ કરમ કરો ક્યૂં ના,
ઈન પ્રાન નાથ કે હાથ. ॥

**સ્થાયી**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ની̣ | પ̣ | ની̣ધ̣ | સારે | સા | — | ની̣ | રે | ગ | રે | સા | સા |
| મે | રા | ઽઽ | મન | બાં | ઽ | ઽ | ધ | લી | નો | રે | ઽ |
| [પ]નીની | પ(પ) | રે | મંમં | પ | પ(પ) | ગ | રે | ધ̣ | ની̣ | સા | સા |
| હાંઽ | રેઽ | ઽ | ઈન | જો | ઽગી | યા | કે | સા | ઽ | ઽ | થ |
| 3 | | 4 | | X | | 0 | | 2 | | 0 | |

**અંતરા**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| [મં]ગ | મં | પ | ધ | [5]નીની | પપ | મંગ | ગપ | ગ | રે | [ની]સારે | સા |
| સ | દા | રં | ગ | કઽ | રઽ | મઽ | કઽ | રો | ઽ | ક્યૂં ઽ | ના |
| [સા]ની̣ | રે | ગ | મં | [પ]નીની | (5) | મંગ | ગપ | ગરે | ની̣ | રે | સા |
| ઈ | ન | પ્રા | ઽ | નઽ | ના | ઽઽ | થઽ | કેઽ | હા | ઽ | થ |
| 3 | | 4 | | X | | 0 | | 2 | | 0 | |

**સ્થાયીના આલાપ :**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | મે | રા | ડડ | મન | બાં | ડ | સા | – | નીધ | નીરે | સા | – |
| (2) | મે | રા | ડડ | મન | બાં | ડ | નીરે | ગરે | સા | રે | સા | – |
| (3) | મે | રા | ડડ | મન | બાં | ડ | નીરે | ગ | – | રેગ | – | રેસા |
| (4) | મે | રા | ડડ | મન | બાં | ડ | રેગ | ગરે | સાની | રેધ | નીરે | સા |
| (5) | મે | રા | ડડ | મન | બાં | ડ | ગ | – | મંગ | રે–ગમં | પરે | સા |
| (6) | મે | રા | ડડ | મન | બાં | ડ | મંધ | પ | – | મંધ | પમં | ગરે |
| | 3 | | 4 | | X | | 0 | | 2 | | 0 | |

**અંતરાના આલાપ :**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | સ | દા | રં | ગ | ક | રડ | ગમંધની | મંધપ– | મંધ | સાંની | ધપમંગ | પ |
| (2) | સ | દા | રં | ગ | ક | રડ | ગમંનીધ | નીનીધસાં | નીધ | રેંની | પપમંધ | પ |
| (3) | સ | દા | રં | ગ | ક | રડ | ગમંધની | સાંરેંસાંસાં | નીધનીરેં | ધસાં | ધનીમંધ | નીરેંસાં– |
| (4) | સ | દા | રં | ગ | ક | રડ | મંધનીધ | પ–ધની | મંધનીરેં | રેંગંગરેં | સાં | મંધનીસાં |
| | 3 | | 4 | | X | | 0 | | 2 | | 0 | |

**સ્થાયીની તાન :**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (1) | મે | રા | ડડ | મન | બાં | ડ | નીરેગરેસાસાનીરે | ગમંમંગરેસાનીરે |
| | 3 | | 4 | | X | | 0 | |
| | ગમંપમંગરેસા | | નીરેગમંધનીનીધ | | | | પમંગરેસા–નીરે | ગમંધપમંગરેસા– |
| | 2 | | | | | | 0 | |
| (2) | મે | રા | ડડ | મન | બાં | ડ | નીરેનીગરેમંગપ | મંધપમંગરેસા– |
| | 3 | | 4 | | X | | 0 | |
| | નીરેનીગરેમંગપ | | મંધમંનીધપમંગ | | | | નીરેનીગરેમંગપ | મંધમંનીધપમંગ |
| | 2 | | | | | | 0 | |

**અંતરાની તાન :**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (1) | સ | દા | રં | ગ | કડ | રેડ | નીરેગરેગમંપમં | પધનીધધનીસાંની |
| | 3 | | 4 | | X | | 0 | |
| | મંગંરેંસાંનીધનીસાં | | ધનીધપગમંધપ | | | | નીધનીરેગમંધની | ધનીરેંગંગંરેંરેંસાં |
| | 2 | | | | | | 0 | |
| (2) | સ | દા | રં | ગ | ક | ર | ગંરેંસાંનીધપમંગ | રેસાનીધનીરેગમં |
| | 3 | | 4 | | X | | 0 | |
| | પધનીસાંધનીરેંસાં | | નીરેંગંરેંનીરેંસાંસાં | | | | નીસાંધનીમંધપપ | ગમંધનીરેંગંરેંસાં |
| | 2 | | | | | | 0 | |

- વાદ્યવિભાગના વિદ્યાર્થીઓ માટે વિલંબિત ગત :

- **રાગ–યમન** **વિલંબિત ગત** **તાલ–વિ. એકતાલ**

**સ્થાયી**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગરે | સા | નીધ | સાસા | ની | ધ | નીરે | સા | ગ | ની | રે | સા |
| નીરે | ગરે | ગ | પ | મં | ગ | ગમં | ગરે | ગ | ની | રે | સા |
| 3 | | 4 | | X | | 0 | | 2 | | 0 | |

**અંતરા**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મંગ | પ | મંધ | નીધ | સાં | – | સાં | નીધ | નિ | રેં | સાં | – |
| ગંરેં | સાં | નીધ | પ | મં | ગ | ગમં | ગરે | ગ | ની | રે | સા |
| 3 | | 4 | | X | | 0 | | 2 | | 0 | |

**તાનો : સમથી શરૂ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (1) | નીરેગરે | સા–નીધ | નીરેગ– | નીરેગમં | પમંગરે | ગમંગરે | નીરેગરે | નીરેસા– |
| (2) | નીરેગરે | સા–નીરે | ગમંપમં | ગરેસા– | નીરેગમં | પધનીધ | પમંગરે | નીરેસા– |
| (3) | નીરેગમં | પમંગરે | ગમંપધ | મંપધની | પધનીસાં | ધનીસાંરેં | સાંનીધપ | મંગરેસા |
| (4) | નીરેગગ | રેગમંમં | ગમંપપ | મંપધધ | પધનીની | ધનીસાંરેં | સાંનીધપ | મંગરેસા |
| | X | | 0 | | 2 | | 0 | |

## સ્થાયી

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | ગગ | રે | નીની | સા | રે |
| | | | | | | | | | | | દીર | દા | દીર | દા | રા |
| ગ | ગ | ગ | પપ | મ॑ | પપ | ધ | પ | ગ | રે | સા | ગમ॑ | રે | સાસા | ની | ધ |
| દા | દા | રા | દીર | દા | દીર | દા | રા | દા | દા | રા | દીર | દા | દીર | દા | રા |
| મ॑ | ધધ | ની | રે | ગ | મ॑મ॑ | પ | મ॑ | ગ | રે | સા | | | | | |
| દા | દીર | દા | રા | દા | દીર | દા | રા | દા | દા | રા | | | | | |
| X | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

## અંતરા

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | ગગ | મ॑ | ધધ | ની | ધ |
| | | | | | | | | | | | દીર | દા | દીર | દા | રા |
| સાં | સાં | સાં | સાંસાં | ગં | રેંરેં | ગં | મ॑ | ગં | રેં | સાં | ગંરેં | સાં | નીની | ધ | પ |
| દા | દા | રા | દીર | દા | દીર | દા | રા | દા | દા | રા | દીર | દા | દીર | દા | રા |
| મ॑ | ધધ | પ | મ॑ | ગ | મ॑મ॑ | પ | મ॑ | ગ | રે | સા | | | | | |
| દા | દીર | દા | રા | દા | દીર | દા | રા | દા | દા | રા | | | | | |
| X | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**રાગ યમન મસીતખાની ગત તોડા :**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (1) | ગ–મ॑મ॑ | ધની | સાં–રેંરેં | ગંરેં | સાં–નીની | ધપ | મ॑પ |
| (2) | સા–રેરે | ગમ॑ | મ॑–ધધ | નીસાં | સાં–નીની | ધપ | મ॑ગ |
| (3) | પમ॑ગરે | ગમ॑પધ | નીધપમ॑ | મ॑ધનીસાં | સાંનીધપ | મ॑ગ | રેસા |
| (4) | ગગરેસા | નીરેગમ॑ | પધપમ॑ | ગરેસા– | નીધપમ॑ | ગરે | સા |
| (5) | નીરેગમ॑ | ધનીસાંરેં | સાંનીધપ | મ॑ગરેસા | નીરેગમ॑ | પમ॑ગરે | ગરેસા– |
| | 2 | | | | 0 | | |

# (2) રાગ ભૂપાલી

**મ નિ વર્જિત કર ગાઈયે, માન થાટ કલ્યાણ, ।**

**ગ ધ વાદી સંવાદી સોં, ભૂપાલી પહચાન. ॥**

**પ્રાથમિક માહિતી :**



**થાટ** : કલ્યાણ

**સ્વર** : બધા સ્વરો શુદ્ધ

**વર્જ્ય સ્વર** : મ અને ની

**જાતિ** : ઑડવ—ઑડવ

**વાદી સ્વર** : ગ

**સંવાદી સ્વર** : ધ

**ગાવાનો સમય** : રાત્રિનો પ્રથમ પ્રહર

**રાગ પ્રકૃતિ** : શાંત અને ગંભીર

**રાગનો પ્રભાવ :**

મનને શાંતિ આપે,

હાઈબ્લડ પ્રેશર દૂર કરે.

**આરોહ** : સા રે ગ પ ધ સાં

**અવરોહ** : સાં ધ પ ગ રે સા

**પકડ** : પગ, ધ પગ, રે ગ, રેસા

**સ્વર વિસ્તાર :**

(1) સા, ધ̣ધ̣સા, સાધ̣પ̣, પ̣ધ̣ધ̣સા.

(2) ધ̣સારેસાધ̣, ધ̣સારેસારેસાધ̣, પ̣ધ̣સાધ̣, પ̣ધ̣સારેગ, રેસાધ̣, પ̣ધ̣સાધ̣, ધ̣ધ̣સા.

(3) સારેગ, રેગરેગ, ધ̣સારેગ, પગ, પરેગ, ગરેસાધ̣સારેગ, પ̣ધ̣સાધ̣સારેસારેગ, પગરેગ, રેગરેગરેપગ, પરેગસારે, ધ̣ધ̣સા.

(4) સારેરેગગપગ, પગરેગ, ગપધ, ધ, ધ, પગ, પગરેગરેસારેસા ધ̣ધ̣સારેગ, ગપધ, ધપગરેગપધ, સાંધ, પધસાં, ધ, રેંસાં, ધ, પધપગ, પગરેપગ, રેગસારેધ̣ધ̣સા.

(5) સારેગપ, રેગપધ, ગપધસાં, સાં, સાંધપધ, ધ પગપ, પગરેગ, ગરેસારે, સાધ̣ધ̣સા.

(6) ગપધસાં, સાંરેંગંરે, ગંરેંસાંધ પધસાંરેંગં, સાંધપ, ગરેગરેપ, ગરેગસારે, ધ̣ધ̣સા.

**સ્થાયી :** સુધે બોલત નાહી,
ન રૂપ કી મરોર. ।
**અંતરા :** કર રહી માન માનત,
પ્યારી કીને જતન કરોર. ॥

**સ્થાયી**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાં | પ | ગપ | ધપ | ગ | – | ગ | – | સા | – | ધ઼ | ધ઼ |
| સુ | ડ | ડડ | ડ ધે | બો | ડ | લ | ડ | ત | ડ | ના | હી |
| સા | – | ગરે | પગ | ગપ | ધસાં | સાંધ | સાં | ધસાં | ધસાંરેંસાં | ધ | પ |
| ન | ડ | રૂડ | પડ | કીડ | ડડ | મડ | ડ | રોડ | ડડડડ | ડ | ર |
| 3 | | 4 | | X | | 0 | | 2 | | 0 | |

**અંતરા**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગ | પ | ધસાં | ધધ | સાં | – | સાં | – | ધસાં | રેંગં | રેં | સાં |
| ક | ર | રડ | હીડ | મા | ડ | ન | ડ | માડ | ડડ | ન | ત |
| ધ | સાં | ધસાંરેંસાં | ધપ | ગ | ગરે | ગપ | ધધ | સાં | ધસાંરેંસાં | ધ | પ |
| પ્યા | ડ | ડડડડ | ડરી | કી | નેડ | જત | નક | રો | ડડડડ | ડ | ર |
| 3 | | 4 | | X | | 0 | | 2 | | 0 | |

**સ્થાયીના આલાપ :**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | સુ | ડ | ડડ | ડધે | બો | ડ | સા | – | રેધ઼ | સા | પ઼ધ઼સારે | ગરેસા– |
| (2) | સુ | ડ | ડડ | ડધે | બો | ડ | ગ | – | પ઼ધ઼સારે | ગરેગ– | ગ | રેસા |
| (3) | સુ | ડ | ડડ | ડધે | બો | ડ | ગ | પ | ધપગરે | ગપ | ગરેધ઼ધ઼ | સા |
| (4) | સુ | ડ | ડડ | ડધે | બો | ડ | ગપ | ધ | ધધપગ | રેસા | ધધ | પ |
| (5) | સુ | ડ | ડડ | ડધે | બો | ડ | ગપ | ધધ | સાં | ધપ | ગરે | સા |
| | 3 | | 4 | | X | | 0 | | 2 | | 0 | |

**અંતરાના આલાપ :**

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (1) | ક | ર | રડ | હીડ | મા | ડ | સારેગપ | ધસાંપધ | સાં | – | ધરેં | સાં |
| (2) | ક | ર | રડ | હીડ | મા | ડ | ધધ | પધ | સાં | – | ગંરેં | સાં |
| (3) | ક | ર | રડ | હીડ | મા | ડ | પધસાંરેં | ગં | – | રેંસાં | ધધ | સાં |
| (4) | ક | ર | રડ | હીડ | મા | ડ | ગપધપ | સાંરેંસાંધ | સાં | પધસાં– | પધસાં– | પધસાં– |
| | 3 | | 4 | | X | | 0 | | 2 | | 0 | |

**સ્થાયીની તાન :**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (1) | સુ | ડ | ડડ | ડધે | બો | ડ | સારેગપપગરેસા | સારેગધધપપગ |
| | 3 | | 4 | | X | | 0 | |
| | રેસાસારેગપધસાં | | સાંધપપગરેસા– | | | | સારેગપધસાંરેંરેં | સાંસાંધપગરેગસા |
| | 2 | | | | | | 0 | |
| (2) | સુ | ડ | ડ ડ | ડ ધે | બો | ડ | સારેગપપધધપપ | ગરેગપધધપપ |
| | 3 | | 4 | | X | | 0 | |
| | ગરેગપધસાંસાંધ | | પપગરેસાંસાંધપ | | | | ગરેસા–સારેગપ | ધપગરેગરેસાસા |
| | 2 | | | | | | 0 | |

**અંતરાની તાન :**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| (1) | ક | ર | ડર | હીડ | મા | ડ | ગરેસાસાધસાંધસાં | પધપધગપપગ |
| | 3 | | 4 | | X | | 0 | |
| | ગરેસાસાગપગપ | | રેંસાંધસાંસાંધપપ | | | | ગરેસા–રેંગંગંરેં | સાંસાંધપગરેસા– |
| | 2 | | | | | | 0 | |
| (2) | ક | ર | ડર | હીડ | મા | ડ | પગપધપસાંધપ | ગપગધપગરેગ |
| | 3 | | 4 | | X | | 0 | |
| | રેપગરેસારેસાગ | | રેસાસારેગપગપ | | | | ધસાંધસાંરેંગંરેંસાં | રેંસાંધપગરેસા– |
| | 2 | | | | | | 0 | |

**વાદ્યવિભાગના વિદ્યાર્થીઓ માટે વિલંબિત ગત :**

- **રાગ–ભૂપાલી** **વિલંબિત ગત** **તાલ-વિલંબત એકતાલ**

**સ્થાયી**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ગરે | સા | રેધ઼ | સારે | પ | પ | ગ | રેગ | ધપ | ગ | રે | સા |
| સાધ઼ | સારે | ગ | પગ | પ | ધ | પ | રેગપધ | સાં | ધપ | ગ | રે |
| 3 | | 4 | | X | | 0 | | 2 | | 0 | |

**અંતરા**

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પગ | પપ | ધ | પધ | સાં | સાં | સાંરેં | ગંરેં | ગં | રેંસાં | ધ | પ |
| ગંરેં | સાં | રેંસાં | ધ | પ | ગ | રેગપધ | સાંરેં | સાં | ધપ | ગ | રે |
| 3 | | 4 | | X | | 0 | | 2 | | 0 | |

**તાનો : ત્રીજી માત્રાથી શરૂ કરવી**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (1) | સારેગગ | રેગપપ | ગપધધ | પધસાંસાં | ધસાંધપ | ગરેસાસા |
| | 0 | | 2 | | 0 | |
| (2) | સારેગરે | રેગપગ | ગપધપ | પધસાંધ | ધસાંધપ | ગરેસા– |
| | 0 | | 2 | | 0 | |
| (3) | સારેગરે | ગપગરે | ગપધસાં | રેંસાંધપ | સાંસાંધપ | ગરેસા– |
| | 0 | | 2 | | 0 | |
| (4) | ગપધપ | ગપધસાં | ધપગપ | ધસાંરેંસાં | ધપગરે | સારેસા– |
| | 0 | | 2 | | 0 | |
| | રેધ઼સારે | પ–રેધ઼ | સારેગ– | રેધ઼સારે | પ | |
| | 3 | | 4 | | X | |

## • રાગ : ભૂપાલી (મસીતખાની ગત) તાલ : ત્રિતાલ

**સ્થાયી**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | ગગ | રે | સાસા | ધ઼ | સારે |
| | | | | | | | | | | | દીર | દા | દીર | દા | દીર |
| ગ | ગ | રે | ગરે | ગ | પપ | ધ | પ | ગ | રે | સા | ધ઼ધ઼ | સા | રેરે | ગ | પપ |
| દા | દા | રા | દીર | દા | દીર | દા | રા | દા | દા | રા | દીર | દા | દીર | દા | દીર |
| સાં | સાં | ધ | પપ | ગ | પપ | ધ | પ | ગ | રે | સા | | | | | |
| દા | દા | રા | દીર | દા | દીર | દા | રા | દા | દા | રા | | | | | |
| X | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**અંતરા**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | પપ | ગ | રેરે | ગ | પપ |
| | | | | | | | | | | | દીર | દા | દીર | દા | દીર |
| ધ | ધ | સાં | સાંસાં | ગં | રેંરેં | સા | ંધ | સાં | સાં | સાં | ગંરેં | સાં | ધધ | પ | ગગ |
| દા | દા | રા | દીર | દા | દીર | દા | રા | દા | દા | રા | દીર | દા | દીર | દા | દીર |
| ધ | ધ | પ | ગરે | ગ | પપ | ધ | પ | ગ | રે | સા | | | | | |
| દા | દા | રા | દીર | દા | દીર | દા | રા | દા | દા | રા | | | | | |
| X | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

**રાગ : ભૂપાલી તોડા**

(1)

| | | |
|---|---|---|
| ગપધપ | ધપ | ગરે |
| 0 | | |

(2)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ–પગ | ધપ | સાં–ધપ | રેંસાં | ગં–રેંરેં | સાંધ | પગ |
| 2 | | | | 0 | | |

(3)

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | રેરે | ગ | પ | રે | ગગ | પ | ધ | ગ | પપ | ધ | સાં | પ | ધધ | સાં | સાં |
| સાં | સાંસાં | ધ | પ | ગ | પપ | ધ | પ | ગ | પપ | ગરે | ગ | રેરે | સા | સા | ગ |
| X | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

(4)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| રે–સાસા | ગરે | પગ | રેસા | ગ–રેરે | પગ | ધપ | ગરે | |
| X | | | | 2 | | | | |
| પ–ગગ | ધપ | રેંસાં | ધપ | ગપ | ધપ | ગરે | સાસા | ગ |
| 0 | | | | 3 | | | | X |

(5)

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| સા–ગગ | રેસા | રે–પપ | ગરે | ગ–ધધ | પગ | પ–સાંસાં | ધપ | |
| X | | | | 2 | | | | |
| ધ–રેંરેં | સાંધ | સાં–ગંગં | રેંસાં | ધપ | ગપ | ગરે | સા | ગ |
| 0 | | | | 3 | | | | X |

# (3) રાગ–જૌનપુરી

**કોમલ ગધની તિવર રિખવ ચઢત ગંધાર ન કોઈ,**
**ધ – ગ વાદી સંવાદી તે જૌનપુરી કહી સાંઈ. ॥**

**'ચંદ્રકાસાર'**

- **પ્રાથમિક માહિતી :**



**થાટ** : આશાવરી,
**સ્વર** : ગ ધ ની કોમલ,
**વર્જિત સ્વર** : આરોહમાં ગ,
**જાતિ** : ષાડવ સંપૂર્ણ,
**વાદીસ્વર** : ધ,
**સંવાદીસ્વર** : ગ,
**ગાવાનો સમય** : બીજો પ્રહર
**રાગ પ્રકૃતિ** : કરુણ અને ગંભીર

**રાગનો પ્રભાવ :**

કબજિયાત દૂર કરે

**આરોહ** : સા રે મ પ, ધ ની, સાં
**અવરોહ** : સાં ની ધ પ, મ ગ રે સા
**પકડ** : રે મ પ ની ધ પ, મ પ ધ મ પ, ગ, રે, સા રે મ પ ।

- **સ્વર-વિસ્તાર :**

1. સા, રેમપ, ધમ પગ, રેમપ, સારેમ, રેમપ, મપનીધપ, ધપમપગ, રેમપ, ગ, રે, સા
2. સા, રેસા, રેનૃી ધ઼પ, સા, રેમરેમપગ, રેસા, રેમપ, ધપધમ, પગ, રેમપ, ની ની ધપડ, ધમપગ, રેસા, રેમપ
3. મપની ધપ, ની ધપ, સાંની ધપ, પધની ધપ, ધમપગ, રે, મપધ નીસાં, ધ ની ધપ, ધપમપગ, રેમપ, ગરેસા
4. મપધ નીસાં, રેંસાં, સાંરેંગંરેંસાં, રેંનીસાં, ની ધપ, પગંરેંસાં, રેંનીધપ, મપની ધપ, ધમપગડ, રેસા

## (1) રાગ–જૌનપુરી — છોટા ખ્યાલ — તાલ–ત્રિતાલ

**સ્થાયી :** પાયલ કી ઝનકાર બૈરનિયાં, ઝનઝન બાજે, કૈસે મોરે પિયા સે મિલન કો જાઉં અબ મૈં. ।

**અંતરા :** બિરહા સે તન તાપતપત હૈ અંગ અંગ સબ, લાગ રહી લા સદારંગીલે ઊઠત જિયા હુક. ॥

### સ્થાયી

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | સાં | ની | સાં | ધ | મ | પધ | મપ | ગ | – | રે | સા | રે | મ | પ | – |
| પા | ઽ | ય | લ | કી | ઽ | ઝઽ | નઽ | કા | ઽ | ર | બૈ | ર | નિ | યાં | ઽ |
| ધ | ધ | ધ | ધ | ની | ધ | પ | – | ધ | મ | પધ | મપ | ગ | – | રે | સા |
| ઝ | ન | ઝ | ન | બા | ઽ | જે | ઽ | કૈ | ઽ | સૈઽ | ઽઽ | મો | ઽ | રે | ઽ |
| સા | રે | મ | મ | પ | ધ | મ | પ | ગં | – | રેં | સાં | ની | સાં | ધ | મ |
| પિ | યા | સે | મિ | લ | ન | કો | ઽ | જા | ઽ | ઉં | ઽ | અ | બ | મૈં | ઽ |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

### અંતરા

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | મ | પ | – | ધ | – | ની | ધ | સાં | – | સાં | સાં | રેં | ની | સાં | – |
| બિ | ર | હા | ઽ | સે | ઽ | ત | ન | તા | ઽ | પ | ત | પ | ત | હૈ | ઽ |
| ધ | ધ | ધ | સાં | – | સાં | સાં | રેં | ગં | – | રેં | સાં | ની | સાં | ધ | પ |
| અં | ઽ | ગ | અં | ઽ | ગ | સ | બ | લા | ઽ | ગ | ર | હી | ઽ | લા | ઽ |
| ધ | ગં | – | રેં | – | સાં | સાં | – | ની | સાં | રેં | સાં | ની | સાં | ધ | મ |
| સ | દા | ઽ | રં | ઽ | ગી | લે | ઽ | ઊ | ઠ | ત | જિ | યા | ઽ | હુ | ક |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**સ્થાયીના આલાપ :**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | સા | – | – | – | ની | ધ | પ | – | ધ | ની | સા | – | રે | ગ | રે | સા |
| 2. | સા | રે | મ | પ | ધ | – | પ | – | મ | પ | ગ | – | રે | – | સા | – |
| 3. | સા | રે | મ | – | રે | મ | પ | – | મ | પ | મ | પ | ગ | – | રે | સા |
| 4. | ધ | પ | મ | પ | ની | ધ | પ | – | મ | પ | ગ | – | રે | – | સા | – |
| | 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**અંતરાના આલાપ :**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | સાં | – | – | – | રેં | ની | ધ | પ | મ | પ | ગ | – | રે | – | સા | – |
| 2. | ધ | ની | સાં | રેં | ની | સાં | ધ | પ | મ | પ | ધ | પ | ગ | – | રે | સા |
| 3. | ગં | રેં | ની | ધ | પ | – | મ | પ | ગ | – | રે | – | મ | ગ | રે | સા |
| 4. | સા | રે | મ | પ | ધ | – | ની | – | સાં | ધ | ની | સાં | – | ધ | ની | સાં |
| | 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**સ્થાયીની તાન :**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | સારે | મરે | મપ | મપ | મપ | ધની | ધપ | મપ | ધની | સાંની | ધપ | મપ | ધપ | મપ | ગ– | રેસા |
| 2. | સારે | મપ | ધપ | મપ | ધપ | મપ | ગ– | રેસા | રેમ | પધ | નીસાં | નીધ | પપ | મપ | ગ– | રેસા |
| 3. | સારે | મગ | રેસા | નીસા | રેમ | પની | ધપ | મપ | સાંરેં | મંગં | રેંસાં | નીસાં | નીધ | પમ | ગરે | સા |
| 4. | ગરે | સા– | મગ | રેપ | મધ | પમ | પગ | રેસા | નીધ | સાંની | રેંસાં | નીસાં | ધપ | મપ | મગ | રેસા |
| | 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**અંતરાની તાન :**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ધની | સાંની | સાંરેં | સાંરેં | ગંરેં | સાંની | ધપ | મપ | નીની | ધપ | મપ | નીધ | પ– | મપ | ગ– | રેસા |
| 2. | ધની | ધસાં | નીસાં | નીસાં | નીસાં | નીરેં | સાંરેં | નીસાં | ધની | સાંરેં | ગંરેં | સાંની | ધપ | મપ | ગ– | રેસા |
| 3. | રેંસાં | નીસાં | રેંસાં | નીસાં | ગં– | રેંસાં | નીધ | પ– | સાંની | ધની | ધપ | મપ | ધપ | મપ | ગ– | રેસા |
| 4. | સાંરેં | નીસાં | ધની | પધ | મપ | ગ– | રેસા | નીસા | રેસા | નીસા | ધપ | મપ | રેંસાં | નીસાં | ધની | સાં |
| | 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**સ્થાયી :** ના દીર દીર દીર તાના તા તોમ તાના દેરેના,
દેરેતાના દેરેતાની તાના તાતદ્રેતાની. ।

**અંતરા :** ના દીર દીર દીર તુમ દીર દીર દીર તોમ્ તાના દેરેતાની,
તોમ તા દેરેના તાના દેરે દેરે તાની. ॥

## સ્થાયી

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રે | મમ | પપ | ધધ | — | ની | ધ | સાં | ની | —— | ધ | પ | મ | પ | મ | ગ |
| ના | દીર | દીર | દીર | ઽ | તા | ના | તા | તો | ઽમ | તા | ના | દે | રે | ના | ઽ |
| રે | મ | પ | ધ | મ | પ | ગ | ગ | — | પ | મ | પ | ગ | ગરે | ની | સા |
| દે | રે | તા | ના | દે | રે | તા | ની | ઽ | તા | ના | તા | ત | દ્રેઽ | તા | ની |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

## અંતરા

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મ | મમ | પપ | પપ | ધધ | ધધ | નીની | નીની | સાં | —સાં | સાં | સાં | ની | સાં | સાં | સાં |
| ના | દીર | દીર | દીર | તુમ | દીર | દીર | દીર | તો | ઽમ્ | તા | ના | દે | રે | તા | ની |
| — | ગં | -- | મં | ગં | રેં | સાં | — | પ | મ | મ | પ | ગ | ગરે | સા | સા |
| ઽ | તો | ઽમ | તા | દે | રે | ના | ઽ | તા | ના | દે | રે | દે | રેઽ | તા | ની |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

● **રાગ જૌનપુરી** **રજાખાની** **તાલ—ત્રિતાલ**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | સાંસાં | ની | સાં | ધ | પપ | મ | પ | ગ | – | રે | સા | રે | મમ | પ | – |
| દા | દીર | દા | રા | દા | દીર | દા | રા | દા | ડ | દા | રા | દા | દીર | દા | ડ |
| રે | મમ | પ | ની | ધ | – | મ | પ | સાં | નીની | ધ | પ | મ | ગગ | રે | સા |
| દા | દીર | દા | રા | દા | ડ | દા | રા | દા | દીર | દા | રા | દા | દીર | દા | ડ |
| મ | પપ | ધ | ની | – | ધ | ની | ની | સાં | – | સાં | સાં | રેં | નીની | સાં | – |
| દા | દીર | દા | રા | ડ | દા | દા | રા | દા | ડ | દા | રા | દા | દીર | દા | ડ |
| પ | ગંગં | રેં | સાં | રેં | નીની | સાં | – | ની | ધધ | પ | મ | ગ– | ગરે | –રે | સા |
| દા | દીર | દા | રા | દા | દાર | દા | ડ | દા | દીર | દા | રા | દાડ | રદા | ડર | દા |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**રાગ જૌનપુરી : તોડા**

**1.**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | રેરે | મ | પ | રે | મમ | પ | ધ | મ | પપ | ધ | ની | પ | ધધ | ની | સાં |
| ધ | નીની | સાં | રેં | સાં | નીની | ધ | પ | મ | ગગ | રે | સા | સા | રેરે | મ | પ |
| ધ | – | મ | પપ | ગ | – | સા | રેરે | મ | પ | ધ | – | મ | પપ | ગ | – |
| સા | રેરે | મ | પ | ધ | – | મ | પપ | ગ | | | | | | | |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**2.**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | રેરે | ગ | રે | સા | ની̣ની̣ | ધ̣ | પ̣ | મ̣ | પ̣પ̣ | ધ̣ | ની̣ | સા | રેરે | સા | – |
| સા | રેરે | મ | પ | ધ | નીની | સાં | રેં | ગં | રેંરેં | સાં | ની | ધ | પપ | મ | પ |
| સાં | નીની | ધ | પ | મ | ગગ | રે | સા | સા | રેરે | મ | પ | ગ | – | સા | રેરે |
| મ | પ | ગ | – | સા | રેરે | મ | પ | ગ | | | | | | | |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

3.

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સાં | રેંરેં | સાં | રેંરેં | સાં | રેંરેં | સાં | નિ | નિ | સાંસાં | ની | સાંસાં | ની | સાંસાં | ની | ધ |
| ધ | નીની | ધ | નીની | ધ | નીની | ધ | પ | પ | ધધ | પ | ધધ | પ | ધધ | પ | મ |
| મ | પપ | મ | પપ | મ | ગગ | રે | સા | રે | ની | – | સા | રેમ | પધ | ગ | – |
| – | રેમ | પધ | ગ | – | – | રેમ | પધ | ગ | | | | | | | |
| 0 | | | | 3 | | | | X | | | | | | | |

4.

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ધ | પપ | મ | પ | મ | ગગ | રે | સા | સા | રેરે | મ | પ | ધ | નીની | ધ | પ |
| મ | પપ | ધ | ની | સાં | રેંરેં | સાં | – | સાં | નીની | ધ | પ | મ | ગગ | રે | સા |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

5.

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સા | રેરે | મ | રે | રે | મમ | પ | મ | મ | પપ | ધ | પ | પ | ધધ | ની | ધ |
| ધ | નીની | સાં | ની | ની | સાંસાં | રેં | સાં | સાં | નીની | ધ | પ | મ | ગગ | રે | સા |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

# (4) રાગ–ભીમપલાસી

- **પ્રાથમિક માહિતી :**



**થાટ** : કાફી

**સ્વર** : ગ, ની કોમલ

**વર્જ્ય સ્વર** : આરોહમાં રે, ધ, અવરોહ સંપૂર્ણ

**રાગ** : પ્રકૃતિ - શાંત, ગંભીર

**જાતિ** : ઑડવ – સંપૂર્ણ

**વાદી સ્વર** : મ

**સંવાદી સ્વર** : સા

**ગાવાનો સમય** : દિવસનો ત્રીજો પ્રહર

**રાગ પ્રકૃતિ** : શાંત, ગંભીર

**રાગનો પ્રભાવ** : ઉત્સાહ વર્ધક અને આનંદદાયક છે.

**આરોહ** : ની઼સાગમપ, ની, સાં

**અવરોહ** : સાંનીધપ, મગરેસા

**પકડ** : ની઼સામ, મપગ, મગરેસા

- **સ્વર વિસ્તાર :**

(1) સા, ની઼સા, ગરે, સા, સાની઼ધ઼પ઼, પ઼ની઼, સા, ગરે, સા

(2) ની઼સામ, મપગમ, પમગમ, ગરે, ની઼સાગરે, ની઼ ની઼, સા

(3) ની઼ સાગમ, પ, સાગમપ, ગમ, ગમપની, પ, મપગમ, પ, ગ, મગરેસા

(4) ગમપ, ગમપનીધપ, મપ, ગમપપની, સાં, સાંનીધપ, મપગમ, પ, ગમ, ગરે, સા

(5) પ, ગમપની, પની સાં, પનીસાંગં, રેં, સાં, મપનીસાં, ગંરેંસાં, સાંની, ધપ, મપ ગમ, પગ, મગરેસા

(6) ગમપની, પની સાં, નીસાં મંગંરેં, સાં, સાંનીધપ, મપ, ગમપગ, મગરેસા ની઼, પ઼ ની઼, સા, ગરેસા

**સ્થાયી :** જા જારે અપને મંદિરવા,

સુન પાવેગી સાસ નનદિયા. ।

**અંતરા :** સુન હો સદા રંગ તુમકો ચાહત હૈ,

ક્યા તુમ હમકો છલન દિયા. ॥

**સ્થાયી**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | | પ | – |
| | | | | | | | | | | | | | | જા | ડ |
| ગ | – | રે | સા | રે | ન઼ી | સા | – | સા | મ | મ | મ | મ | –, | ગ | મ |
| જા | ડ | રે | ડ | અ | પ | ને | ડ | મં | ડ | દિ | ર | વા | ડ, | સુ | ન |
| પ | ની | સાં | ગં | રેં | સાં | સાં | – | રેં | ની | સાં | પ | ગ | ડ, | પ | – |
| પા | ડ | વે | – | ગી | ડ | સા | ડ | સ | ન | ન | દિ | યા | ડ, | જા | ડ |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**અંતરા**

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | પ | પ | પ | મ | પ | ગ | મ | પ | પ | ની | ની | સાં | સાં | સાં | – |
| સુ | ન | હો | સ | દા | ડ | રં | ગ | તુ | મ | કો | ચા | હ | ત | હૈ | ડ |
| ની | – | સાં | ગં | રેં | રેં | સાં | – | રેં | ની | સાં | પ | ગ | –, | પ | – |
| ક્યા | ડ | તુ | મ | હ | મ | કો | ડ | છ | લ | ન | દિ | યા | ડ, | જા | ડ |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**સ્થાયીના આલાપ :**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | સા | – | – | – | ન઼ી | સા | ગ | મ | ગ | રે | સા | – | ગ | મ, | જા | ડ |
| 2. | સા | – | ન઼ી | – | પ઼ | ન઼ી | સા | – | ન઼ી | સા | ગ | – | મ | –, | જા | ડ |
| 3. | સા | ગ | મ | પ | ગ | – | મ | – | ગ | રે | સા | – | ન઼ીસા | રેસા, | જા | ડ |
| 4. | ન઼ી | સા | મ | – | ગ | મ | પ | ગ | મ | ગ | મ | ગ | રે | સા, | જા | ડ |
| | 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**અંતરાના આલાપ :**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | ની | – | સાં | – | પ | ની | સાં | – | ની | ધ | પ | મ | ગ | – | મ | – |
| 2. | સાં | – | – | – | રેં | સાં | ગં | રેં | સાં | – | ની | – | ધ | પ | મ | પ |
| 3. | ની | – | ની | – | ધ | – | પ | – | મ | – | ગ | – | મ | પ | ની | સાં |
| 4. | સાં | – | – | – | ની | ધ | પ | – | ધ | મ | પ | ગ | મ | પ | ની | સાં |
| | 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**સ્થાયીની તાન :**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | જા | ઽ | રે | ઽ | અ | પ | ને | ઽ | નીસા | ગમ | પની | સાંનિ | ધપ | મગ | રેસા | જાઽ |
| 2. | જા | ઽ | રે | ઽ | અ | પ | ને | ઽ | ગમ | પની | સાંગં | રેંસાં | નીધ | પમ | ગરે | સા,જા |
| 3. | જા | ઽ | રે | ઽ | અ | પ | ને | ઽ | પની | સાંરેં | સાંની | ધપ | મપ | મગ | રેસા | જાઽ |
| 4. | જા | ઽ | રે | ઽ | અ | પ | ને | ઽ | પમ | ગમ | પની | સાંસાં | નીધ | પમ | ગરે | સા,જા |
| 5. | જા | ઽ | રે | ઽ | અ | પ | ને | ઽ | મં | ઽ | દિ | ર | વા | ઽ | ઽ | ઽ |
| | સાંની | ધપ | મગ | રેસા | ગમ | પની | નીસાં | —સાં | ગમ | પની | નીસાં | —સાં | ગમ | પની | નીસાં | —સાં |
| | 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

**અંતરાની તાન :**

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | સુ | ન | હો | સ | દા | ઽ | રં | ગ | પની | સાંરેં | સાંની | ધપ | મપ | ગમ | પની | સાં— |
| 2. | સુ | ન | હો | સ | દા | ઽ | રં | ગ | સાંની | ધપ | મગ | રેસા | નીસા | ગમ | પની | સાં— |
| 3. | સુ | ન | હો | સ | દા | ઽ | રં | ગ | તુ | મ | કો | ચા | હ | ત | હૈ | — |
| | પની | સાંગં | રેંસાં | નીસાં | પની | સાંરેં | સાંની | ધપ | મપ | ગમ | ગરે | સાસા | નીસા | ગમ | પની | સાં- |
| 4. | સુ | ન | હો | સ | દા | — | રં | ગ | તુ | મ | કો | ચા | હ | ત | હૈ | ઽ |
| | પની | સાંરેં | સાંની | ધપ | મપ | ગમ | ગરે | સાસા | નીસા | ગમ | પની | સાંરેં | સાંની | ધપ | મપ | નીસાં |
| 5. | સુ | ન | હો | સ | દા | ઽ | રં | ગ | તુ | મ | કો | ચા | હ | ત | હૈ | ઽ |
| | સાંની | સાંસાં | સાંની | સાંસાં | સાંની | ધપ | મગ | રેસા | ગમ | પની | નીસાં | —સાં | નીસાં | —સાં | નીસાં | —સાં |
| | 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

● **રાગ–ભીમપલાસી** **તરાના** **તાલ–ત્રિતાલ**

**સ્થાયી :** ના દિર દીમ્ ત ન ન ન દ્રે ના દાનિ,
તો મ્નિ ત ત ન ન ત ન દ્રે દીમ્તા રે દાનિ. ।

**અંતરા :** તો મ્તો મ્ત ના ના દિર દિર ત નો મ્ત ન,
દીમ્ત ત ન ન દી મ્દી મ્તો મ્ત દાત્રિ તન તન,
દે રે નાદી મ્તન તારે દાનિ. ॥

### સ્થાયી

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | | નિ઼ | સાસા |
| | | | | | | | | | | | | | | ના | દિર |
| પ | — | પ | ગ | મ | ગ | મ | પ | ની | — | સાં | — | ની | સાં | ગં | — |
| દી | ડ | મ્ | ત | ન | ન | ન | દ્રે | ના | ડ | ડ | ડ | દા | નિ | તો | ડ |
| મં | ગં | રેં | સાં | ની | ધ | પ | મ | ગ | — | મ | ગ | રે | સા, | ની | સાસા |
| મ્નિ | ત | ત | ન | ન | ત | ન | દ્રે | દી | ડ | મ્તા | રે | દા | નિ, | ના | દિર |
| 0 | | | | 3 | | | | X | | | | 2 | | | |

### અંતરા

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| પ | મ | ગ | મ | — | પ | ની | — | પ | નીની | પપ | ની | સાં | — | સાં | ગં |
| તો | ડ | મ્તો | ડ | ડ | મ્ત | ના | ડ | ના | દિર | દિર | ત | નો | ડ | મ્ત | ન |
| રેં | — | સાં | — | ની | સાં | ગં | મં | પં | મં | ગં | મં | પં | મં | ગં | મં |
| દી | ડ | ડ | ડ | મ્ત | ત | ન | ન | દી | ડ | ડ | ડ | મ્દી | ડ | ડ | ડ |
| પ | ની | પ | ની | સાં | — | મં | ગં | રેં | સાં | ની | ધ | પ | મ | ગ | મ |
| મ્તો | ડ | ડ | મ્ત | દા | ડ | ત્રિ | ત | ન | ત | ન | દે | રે | ના | દી | ડ |
| પ | પ | મ | ગ | રે | સા, | ની઼ | સાસા | | | | | | | | |
| મ્ત | ન | તા | રે | દા | નિ, | ના | દીર | | | | | | | | |
| X | | | | 2 | | | | 0 | | | | 3 | | | |

- **રાગ—ભીમપલાસી** **ધ્રુપદ** **તાલ-ચૌતાલ**

**સ્થાયી :** મોહન બંસી સુનાવત,
મધુર મધુર સૂર લાગત,
ધૂન સુન વ્રજ જન ધ્યાવત. ।

**અંતરા :** સબ સખિયન સંગ ગાવત,
મનહર તાન લગાવત,
હરસત અત મન હી મન,
દેખ સભી વૃંદાવન. ॥

### સ્થાયી

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ની઼ | સા | ગ | મ | પ | ગ | મ | ગ | રે | રે | સા | સા |
| મો | ડ | હ | ન | બં | ડ | સી | સુ | ના | ડ | વ | ત |
| ની | ની઼ | સા | ગ | રે | સા | ની઼ | સા | ની઼ | ધ઼ | પ઼ | પ઼ |
| મ | ધુ | ર | મ | ધુ | ર | સૂ | ર | લા | ડ | ગ | ત |
| ની઼ | સા | ગ | મ | પ | ગ | મ | ગ | રે | રે | સા | સા |
